# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

## કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,જીઆઈડીસી,
## નવસર્જન બિલ્ડીંગ,ગોંડલરોડ, રાજકોટ.

## ભયજનક મકાનો બાબતે તાકીદની જાહેર ચેતવણી

આથી રાજકોટ, ભાવનગર,જામનગર,સુરેન્દ્રનગર,જૂનાગઢ તથા કચ્છ – ભૂજ જિલ્લાની તમામ જીઆઈડીસી વસાહતોમા આવેલ કવાટર્સ તથા અન્ય તમામ મકાનોમા રહેતા કે મકાનોનો ઉપયોગ કરતા તથા હિત ધરાવતા તમામ તેમજ ઔદ્યોગિક/વાણિજય/રહેણાંક પ્લોટોના ફાળવણીદારોને કે જેમના પ્લોટોમા જર્જરીત મકાનો આવેલ હોય તેઓને આ જાહેર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, ચોમાસાની ઋતુ દરમ્યાન જૂના/બિસ્માર અથવા બીજા કોઈ કારણોસર ક્ષતિગ્રસ્ત થયેલ મકાનો/મિલ્કતો તૂટી પડવાના, બેસી જવાના કે અકસ્માત થવાના બનાવો બનતા હોય છે. જેથી આવા કવાટર્સ/મકાનોનો ભયજનક ભાગ રીપેર કરાવી લેવા અથવા દુર કરવા જે તે મિલ્કતદારોને વિનંતી કરવામા આવે છે. તેમજ જર્જરીત/ભયજનક કવાટર્સ/મકાનો તાત્કાલિક ખાલી કરી સલામત સ્થળે ખસી જવા આથી જણાવવામા આવે છે. આવા ભયજનક કવાટર્સ/મકાનોમા કોઈપણ વ્યકિતએ પ્રવેશ કરવો નહિ. વસવાટ કે અન્ય ઉપયોગ કરવો નહિ તેમજ આવા ભયજનક જણાતા કવાટર્સ/મકાનોની આસપાસ અવર–જવર કરવી નહિ તથા આજુબાજુના મકાનોના ઉપયોગકર્તાઓએ સાવચેતીના ભાગરૂપે કાળજી રાખવી. જો ચોમાસા દરમ્યાન આવા કવાટર્સ/મકાનોમા કોઈપણ જાતની દુર્ઘટનાને કારણે કોઈપણ જાતનુ માલ–મિલ્કતને નુકસાન થાય કે જાનહાની થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે–તે માલિક/ભોગવટો કરનારની રહેશે.

K. Prajapati

માહિતી/રાજ

કાર્યપાલક ઈજનેર,
જી.આઈ.ડી.સી., રાજકોટ